## જન્મદિને વધામણી



**પ્રતિમાબેન ત્રિવેદી**
ખજાનચી, બ્રહ્મસમાજ મહિલા પાંખ, ગાંધીનગર કારોબારી સભ્ય, શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર



**દિયાંશ કરશનભાઈ મેખરવાલા**

# મ દે શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય ખાતે વિશ્વ ખેલ દિવસની ઉજવણી કરવામાં આવી



ગાંધીનગર, તા. ૭

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી અને ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરાના સંયુક્ત ઉપક્રમે વિશ્વ ખેલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપક્રમના ઉદ્ઘાટન પ્રસંગે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. જતિન સોની, આઈસીએસએચના પ્રમુખ ડૉ. જી ડી સિંહ, શિક્ષણશાસ્ત્રી ડૉ. અચ્યુત દાણીએ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયના વિભાગીય અધ્યક્ષ અને ડીન પ્રૉ. જમનાદાસ સાવલિયાએ કર્યું હતું. કાર્યક્રમની રૂપરેખા ડૉ. સુધીરકુમાર શર્માએ આપી હતી. વિદ્યાપીઠની પરંપરા અનુરૂપ સુતરની આંટીથી સ્વાગત સુરેન્દ્ર ચાવડા, દિલીપ ચંદ્રેશા, જયેશ ગરભડીયા, ગૌતમ સાંડપા, રમેશ સોલંકી અને જયદીપ દેસાઈએ કર્યું હતું. ખેલકૂદ દ્વારા વિશ્વશાંતિ કેવી રીતે સ્થાપિત કરી શકાય તે અંગેનું વક્તવ્ય ડૉ. જતિન સોનીએ આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. નિરજ સિલાવટે અને આભાર દર્શન ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ કર્યું હતું.

# ગજાનન સેવા સમિતિ દ્વારા વસ્ત્રોનું વિતરણ



ગાંધીનગર, તા. ૭

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વનવાસી બંધુઓ માટે સેવા પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે, જેના એક ભાગરૂપે ટ્રાયબલ સરકારી હૉસ્ટેલના ૭૦ જેટલા વિદ્યાર્થીઓને પૅન્ટ તથા શર્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. હૉસ્ટેલના વૉર્ડન સમીરભાઈ, હર્ષદભાઈ, મિલિન્દભાઈએ આ પ્રસંગે સુંદર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. પ્રત્યેક વિદ્યાર્થીને ૪ બૉલપૅન પણ ભેટ આપવામાં આવી હતી.

# બ્રહ્માકુમારીઝ પ્રૉજેક્ટના આંતરરાષ્ટ્રીય ડિરેક્ટરે ગાંધીનગર કેન્દ્ર મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૭

અમેરિકા વર્લ્ડ ટ્રેડ સૅન્ટરના મેઈન્ટેનન્સનો એક વર્ષની ભારે જહેમત બાદ પ્લાન બનાવી તેના મેઈન્ટેનન્સની જવાબદારી વહન કરતા ભારતીય સિવિલ ઍન્જિનીયર ભ્રાતા રામપ્રસાદ સીંગલ કે જેઓ હોનારત વખતે વર્લ્ડ સૅન્ટરના એક ટાવરના ૬૪મા માળે હતા ત્યારે કુનેહપૂર્વક સાથીઓ સહિત સવા કલાકની ભારે જહેમત બાદ બચી ગયા હતા અને સૅન્ટરની બહાર આવ્યા બાદ પાંચ મિનિટમાં ટાવર ધરાશાયી થયું હતું. આ ઘટનાના પગલે તેઓ બ્રહ્માકુમારીની આધ્યાત્મિક સહ માનવીય સેવામાં સક્રિય બની ગયા હતા અને હાલ બ્રહ્માકુમારી દ્વારા આંતરરાષ્ટ્રી સ્તરે શરૂ કરવામાં આવેલ '૭ બિલિયન ઍક્ટ્સ ઑફ ગૉડનેસ' પ્રૉજેક્ટની આંતરરાષ્ટ્રીય ડિરેક્ટર તરીકેની જવાબદારી વહન કરી રહ્યા છે. ગાંધીનગરના સૅક્ટર-૨૮માં કાર્યરત સ્થાનિક સેવા કેન્દ્રની તેમણે શુભેચ્છા મુલાકાત લીધી હતી.

મુલાકાત દરમ્યાન સેવાકેન્દ્ર પર ચાલતા રાજયોગ અને સત્યગીતા જ્ઞાન (મુરલી)ના નિયમિત ક્લાસમાં સંચાલિકા કૈલાશદીદીએ તેમનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. તેમણે ક્લાસમાં ઉપસ્થિત ભાઈ-બહેનો સમક્ષ વર્લ્ડ ટ્રેડ સૅન્ટરની હોનારતમાં થયેલા આબાદ બચાવની ઘટનાનો અનુભવ રજૂ કરતાં જણાવ્યું હતું કે આપણે કરેલાં અન્યની મદદના અને ભલાઈનાં નાનાં-નાનાં સેવાનાં કામો જ કટોકટીના સમયે દુઆઓ બની આપણો બચાવ કરે છે. તેમણે પર્યાવરણીય સૅનીટેશન સંસ્થા, સુઘડ તથા ગાંધી આશ્રમ ખાતે કાર્યરત માનવ સાધના સંસ્થાની પણ મુલાકાત લઈ બ્રહ્માકુમારીના પ્રૉજેક્ટની છણાવટ કરી સત્કર્મોની ચર્ચા કરી હતી. તેમણે સૌને આ પ્રૉજેક્ટમાં જોડાઈ રોજના ઓછામાં ઓછાં ૩ સત્કર્મો કરવા હાકલ કરી હતી. જીવનમાં સારાં કામો સતત થતાં રહે તે માટે પરમાત્મા તરફથી વિશેષ શક્તિ પ્રાપ્ત થાય તે માટે બ્રહ્માકુમારી ઊર્જાનગર સેવાકેન્દ્ર સંચાલિકા રંજનબેને સહજ રાજયોગનો અભ્યાસ પણ કરાવ્યો હતો.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કિ ઍન્ડ કા
૩.૩૦, ૧૦.૦૦
લવ ગેમ્સ
૧૨.૩૦, ૭.૦૦
**સ્ક્રીન-૩**
જંગલ બૂક (૩ડી, હિન્દી)
૧.૧૫, ૩.૩૦, ૮.૦૦
જંગલ બૂક (૩ડી, અંગ્રેજી)
૧૧.૦૦, ૫.૪૫, ૧૦.૧૫
**સ્ક્રીન-૪**
ક્લબ ડાન્સર
૧.૦૦
સરદાર ગબ્બરસિંહ
૪.૦૦
કપૂર ઍન્ડ સન્સ
૭.૦૦
રૉકી હૅન્ડસમ
૧૦.૦૦
**સ્ક્રીન-૫**
કિ ઍન્ડ કા
૧૨.૪૫, ૬.૪૫
લવ ગેમ્સ
૧૦.૦૦, ૩.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૬**
લવ ગેમ્સ
૧૨.૩૦
કપૂર ઍન્ડ સન્સ
૧૦.૦૦
કિ ઍન્ડ કા
૬.૪૫

## રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે નિ:શુલ્ક મહિલા યોગ શિબિર

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા પતંજલિ યોગ સમિતિના મુખ્ય સંગઠક અનિલભાઈ જોશીએ જણાવ્યું છે કે તા. ૮ એપ્રિલ ને શુક્રવારના રોજ રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ગાંધીનગર ખાતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો લાભ સૌ કોઈ નાગરિકો લઈ શકે છે.

સરદાર પટેલના બાવલા પાસે, સ્વર્ણિમ ઉદ્યાન (સૅન્ટ્રલ વિસ્ટા ગાર્ડન), ઘ-૪ ખાતે સાંજે ૪.૩૦થી ૬ દરમ્યાન આ શિબિર યોજવામાં આવશે, જેનો લાભ લેવા સૌ ભાઈઓ, બહેનો, બાળકોને તેમણે આમંત્રણ પાઠવ્યું છે. સમિતિના મહિલા પ્રભારી સરોજબેન ઠુમર આ યોગ શિબિરનું સંચાલન કરશે.

શ્રી ગોવર્ધન પીઠ પૂરીના જગદ્ગુરુ શંકરાચાર્યજી સ્વામી નિશ્ચલાનંદ સરસ્વતીજીએ ભાગવત વિદ્યાપીઠની મુલાકાત દરમ્યાન કૃષ્ણશંકર શાસ્ત્રીજી દ્વારા આરંભાયેલ સંકલ્પિત કાર્ય - સંસ્કૃત, સંસ્કૃતિ ને શ્રીમદ ભાગવતના માધ્યમથી વિશ્વના જીવને પરમોદ્ધારક ગણાવ્યું તથા તેને અભિયાન તરીકે ચલાવવાનું સૂચન કર્યું હતું તથા શાસનને તેના પોષક, રક્ષક અને પૂરક બનવા પ્રેરીને આ કામધેનૂનો પ્રસાદ પ્રાપ્ત કરવા જણાવ્યું હતું. શ્રીમદ ભાગવતને તેમણે સર્વોત્કૃષ્ટ વિજ્ઞાનનો ભંડાર ગણાવ્યું હતું અને કલિકાલમાં તેને એકમાત્ર માર્ગ બતાવી ભજન, ધર્મ તથા સંઘબળનો આગ્રહ સેવ્યો હતો. વિકસિત ગણાતા એવા વિજ્ઞાનનાં સાધનો પણ જે પ્રકારે સંસ્કૃતનો આગ્રહ રાખે છે તથા તેમાં રહેલી સર્વ ગુહ્ય વિદ્યા જે વિદેશી સત્તાઓ મેળવી અને પોતાના નામે શોધ-પ્રશોધનના ખિતાબો મેલવે છે, તેના તરફ સંસ્કૃત વિદ્વાનોનું ધ્યાન દોરીને મનમાં ગૌરવ ધારણ કરવા મોટું પ્રેરકબળ પૂરું પાડ્યું હતું.

અહીં આયોજિત શાસ્ત્ર સંગોષ્ઠિને પણ તેમણે સહર્ષ વધાવી હતી અને પ્રમાણો સાથે પ્રતિષ્ઠિત તથા ગૌરવાન્વિત કરી તેમણે ક્ષણને સિદ્ધતા પ્રદાન કરી હતી. શ્રી ભાગવત વિદ્યાપીઠે તેમની અનન્ય અનુકંપાનો અનુભવ કરી કૃતકૃત્યતાની લાગણી અભિવ્યક્ત કરી હતી.



# ઈસ્કોન મંદિર દ્વારા બે ભવ્ય રથયાત્રા સાથે ઓગણીસમા પાટોત્સવ સપ્તાહનું આયોજન

ઈન્ટરનેશનલ સોસાયટી ફોર કૃષ્ણ કોન્શ્યસનેસ - ઈસ્કોન મંદિર દ્વારા શ્રી રામનવમી તથા રાધા-ગોવિંદની પ્રાણપ્રતિષ્ઠા ના ઓગણીસમા પાટોત્સવ નિમિત્તે તા.૯ એપ્રિલ, ૨૦૧૬ શનિવાર થી ૧૫ એપ્રિલ, શુક્રવાર-૨૦૧૬ સુધી સાત દિવસીય ભવ્ય ઉત્સવ રખાયો છે. બે દિવસ રથયાત્રા નું આયોજન થયું છે. ૩૫ ફૂટ ઊંચા ભવ્ય રથમાં શ્રી જગન્નાથ, શ્રી બળદેવજી, શ્રી સુભદ્રાજી, શ્રી શ્રીરાધાગોવિંદ, શ્રીનાથજી તથા શ્રી શ્રી સીતા, રામ, લક્ષ્મણ, હનુમાન ની દિવ્ય પ્રતિમાઓ બિરાજશે સાથે હાથી, બેન્ડવાજા, બગીઓ અને ગીતા-ભાગવતના સંસંગો દર્શાવતા ફલોટો જોવા મળશે. તા.૯ એપ્રિલ, ૨૦૧૬ શનિવારે, સુંદર શણગારેલા રથ સાંજે ૫.૦૦ કલાકે મણીનગરમા ઉત્તમનગર ગાર્ડન, આવકાર હોલ ચાર રસ્તા, જયમાલા સર્કલ, મંગલેશ્વર મહાદેવ, ભૈરવનાથ રોડ, પુષ્પકુંજ સર્કલ, એલ.જી. હોસ્પિટલ, મણીનગર ચારરસ્તા, મણીનગર સ્ટેશન, જયહિંદ ચારરસ્તા થી ઉત્તમનગર ગાર્ડન જશે.

તા. ૧૧ એપ્રિલ, સોમવારે આ રથયાત્રા સાંજે ૫.૦૦ કલાકે હનુમાન મંદિર, સોલારોડ થી ભૂયંગદેવ, સુભાષચોક, ગુરૂકુળ, સનરાઈઝપાર્ક, વસ્ત્રાપુર ફુવારા, જજીસ બંગલારોડ, રામદેવનગર થઈને ઈસ્કોન મંદિર સુધી આવશે.

તા.૧૦ એપ્રિલ રવિવાર થી તા.૧૫ એપ્રિલ શુક્રવાર સુધી દરરોજ રાત્રે ૭.૦૦થી ૧૦.૦૦ વાગ્યા સુધી હરે કૃષ્ણ સત્સંગ મહોત્સવ યોજાશે. જેમાં ઈસ્કોનના વરિષ્ઠ ભક્તોડો. સાર્વભૌમ દાસ, શ્રી જશોમતીનંદન દાસ, શ્રી બાસુઘોષ દાસ વિગેરે આધુનિકવિશ્વમાં ભગવદ્ ગીતા માં દર્શાવેલ કર્મ યોગ, જ્ઞાનયોગ, અષ્ટાંગયોગ તથા ભક્તિ યોગના વિશેષ મહત્વ વિશે આધ્યાત્મિક પ્રવચનો આપશે.

દેશ-વિદેશના સેંકડો કૃષ્ણ ભક્તો ભક્તિ તથા પ્રેમપૂર્વક નાચતાં, ગાતાં, હરિનામ સંકીર્તન ના રસમાં તરબોળ થશે અને અમદાવાદમાં આધ્યાત્મિક જગત વૈકુંઠની પ્રતીતિ કરાવશે.

તા. ૧૫ એપ્રિલ શુક્રવારે રામનવમીના પવિત્ર દિવસે શ્રી શ્રીસીતા, રામ, લક્ષ્મણ, હનુમાનનો મહા અભિષેક બપોરે ૧૧.૩૦ વાગ્યે થશે અને પ્રભુને છપ્પન ભોગ ધરાવવામાં આવશે. મંદિરમાં ફૂલ બંગલાનો ભવ્ય શણગાર પણ થશે. રામનવમી મહોત્સવમાં રાત્રે આધ્યાત્મિક પ્રવચનો, ભક્તિ સંગીત તથા દરરોજ રાત્રે તમામ ભાવિક ભક્તો માટે મહાપ્રસાદ ભોજનની વ્યવસ્થા રખાશે. ઈસ્કોનના ભક્તો દ્વારા તે દિવસે રામલીલાઓ પર નાટક રજૂ થશે. રાત્રે ૭.૩૦ કલાકે શ્રીમતી રૂચા ભટ્ટ અને તેમના કલાલયમ ગ્રુપદ્વારા રામચરિત્ર પર નૃત્ય નાટિકા રજૂકરવામાં આવશે.

# પ્લાસ્ટિક વૅસ્ટ મેનેજમેન્ટ કાયદો, ગ્રામ પંચાયતોને પણ થશે ફાયદો

વર્તમાન યુગમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો સુરજ ઝળહળી રહ્યો છે. વૈશ્વિક સ્તરે સુખ, સગવડ અને સુલભ લોકજીવન શૈલીમાં કુદરતી સ્રોતોના થઈ રહેલા દોહન, પ્રદૂષણના ભરડામાં આવી રહેલ પાણી, હવા અને જમીનના પડકારો સાથોસાથ એક તરફ વૃક્ષ સહિતના વિકલ્પે રોજીંદા જીવનમાં પ્રવેશ પામેલ પ્લાસ્ટિકનું અસ્થિત્વ સર્વ સ્વીકૃત બની રહ્યું છે. ત્યારે બીજી તરફ, શહેરોમાં, નગરોમાં, ગામેગામ, ખેતરના સીમાડે, નદી, તળાવ, સરોવર, દરિયાકાંઠે, પહાડ અને ઊંડી ખીણો સહિત સમગ્ર જળ અને થળમાં ચોક્કસ પ્રકારના પ્લાસ્ટિકના કચરાએ પડકારરૂપ સામ્રાજ્ય ફેલાવ્યું છે. ઝાડપાન કે વનસ્પતિના સૂકાભીના કચરા સાથે આ શેતાન સમા પ્લાસ્ટિકને સામાન્ય લોકો બાળીને હવામાં ઝેર ફેલાવી રહ્યા છે.

આથી વર્ષ ૨૦૧૫માં રાષ્ટ્રીય સ્વચ્છતા ઝુંબેશની સફળતા આડે પ્લાસ્ટિકના કચરાની ગંભીર સમસ્યા સર કરવાના ઉમદા હેતુથી ભારત સરકારના નવા કલેવર સાથે ગઠન થયેલ પર્યાવરણ, વન અને ક્લાયમેટ ચેન્જ મંત્રાલય દ્વારા અગાઉના નિયમોને સ્થાને નવેસરથી પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬ના નામે કાયદાનું જાહેરનામું તારીખ ૧૮.૩.૨૦૧૬થી અમલમાં મૂક્યું છે. પ્લાસ્ટિક વૅસ્ટ મેનેજમેન્ટ કાયદાની ખાસ બાબતો...

આ નિયમોમાં શહેરો, મહાનગરો, નગરો ઉપરાંત ગામ પંચાયત સુધી વ્યાપ વધારીને ગ્રામપંચાયતને પણ જવાબદારીઓ સુપરત કરી છે. પ્લાસ્ટિકનો કચરો નીપજાવતા વ્યકિતગત લોકો, વાણિજય સ્થળો, ઉદ્યોગો, સંસ્થાઓ, સંગઠનો, સરકારી કે બીનસરકારી કચેરોઓને પણ પ્લાસ્ટિક વૅસ્ટ મેનેજમેન્ટની કામગીરીમાં જોતર્યા છે. આ તમામ લોકોએ પ્લાસ્ટિકના કચરો થાય, ત્યાં જ ફરજિયાત અલગ રીતે એકઠો કરીને, સ્થાનિક સંસ્થાને આ કચરો લઈ જવા પેટે નિયત ફી ચૂકવીને નિકાલ કરવાનો રહેશે.

ખુલ્લામાં યોજાતા લગ્ન સમારંભો, ધાર્મિક મેળાઓ, જાહેરસભાઓ, રેલી, સરઘસ, પદયાત્રા, વગેરે કાર્યક્રમોના જાહેર સ્થળે કે માર્ગમાં, પ્લાસ્ટિકની જુદી-જુદી બનાવટોનો વાપર્યા બાદ કચરારૂપે ગંદકી ફેલાવે છે. આથી, સૌ પ્રથમવાર આવા કાર્યક્રમ યોજતી તમામ વ્યક્તિ કે સંસ્થાને આવા કચરાનું યોગ્ય વ્યવસ્થાપન કરવા માટે જવાબદાર ઠેરવેલ છે. કોઈ પણ માલ સામાનનું કાર્યાત્મક નુકશાન અટકાવવા વપરાતા પાતળા પ્લાસ્ટિકના રોલ સિવાય, માલસામાનનું પૅકિંગ કરવા કે વીંટાળવા રૅપર તરીકે ઉપયોગમાં લેવાના પ્લાસ્ટિકને આ નિયમો હેઠળ આવરી લીધું છે. જેમાં માત્ર નિયત કરેલ ઓછામાં ઓછી ૫૦ માઈક્રોન જાડાઈવાળા જ પાતળા પ્લાસ્ટિકના રોલનો ઉપયોગ કરી શકાશે. અસંખ્ય ચીજ-વસ્તુઓના પૅકિંગ કે રેપર માટે પાતળા પ્લાસ્ટિકના રોલ મોટાપાયે વાપરવામાં આવે છે. ત્યારબાદ આ પાતળા પ્લાસ્ટિકને કચરારૂપે ગમે ત્યાં ફેંકી દેવામાં આવે છે. આ પ્લાસ્ટિકના કચરાને અલગ તારવીને તેના યોગ્ય વ્યવસ્થા માટે માન્ય કરેલ પ્લાસ્ટિક વૅસ્ટ રિસાયકિંલગ ફેસિલિટી ખાતે મોકલવાની પ્રથા દાખલ કરવાની જોગવાઈઓ આ નવા નિયમોમાં આવરી લીધી છે.

'ઉત્પદકોની વ્યાપક જવાબદારી'- પહેલીવાર ઈપીઆર-એક્ષટેન્ડેડ પ્રોડ્યૂસર્સ રિસ્પોન્સિબિલિટીના આદેશાત્મક સિદ્ધાંતના કાયદા હેઠળ પ્લાસ્ટિક કૅરી-બેગ્સ, મલ્ટીલેયર્ડ પૅકેજિંગવાળા પ્લાસ્ટિકના રોલ કે તેના જેવી અન્ય ચીજ-વસ્તુઓના ઉત્પાદકોને આ પ્રકારના પ્લાસ્ટિકમાંથી નીપજતા કચરાને ભેગો કરવા માટે જવાબદાર ગણ્યા છે. સાથોસાથ પોતાની પ્રોડક્ટના પૅકેજિંગ અને વિંટાળીને રેપર તરીકે ઉપયોગમાં લેવા માટે પ્લાસ્ટિક કૅરી-બેગ્સ, મલ્ટીલેયર્ડ પૅકેજિંગ એન્ડ શિટ્સ જેવી ચીજ-વસ્તુઓ વાપરતી વ્યક્તિઓને પણ આ પ્લાસ્ટિકના કચરાને ભેગો કરવા માટે જવાબદાર ઠેરવ્યા છે. તદઉપરાંત બ્રાન્ડ ચીજ-વસ્તુઓના માલિકોના માથે પણ પ્લાસ્ટિકના કચરાને ભેગો કરવાની જવાબદારી મૂકી છે. સંબંધિત આ તમામ પ્રકારની વ્યકિતઓએ સ્થાનિક સંસ્થાનો સંપર્ક કરીને પ્લાસ્ટિકના કચરાના વ્યવસ્થાપન માટે નિયત સમય-મર્યાદામાં યોગ્ય આયોજન કે સિસ્ટમ ફરજિયાત ઊભી કરવાની છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉપરોક્ત ત્રણે પ્રકારના વ્યકિતઓ આ કાયદા હેઠળ પ્રોડ્યુસર છે.

પ્રોડ્યુસરો જ્યાં સુધી પ્લાસ્ટિક કૅરી-બેગ્સ, મલ્ટીલેયર્ડ પૅકેજિંગના ઉત્પાદનથી નિપજતા પ્લાસ્ટિકના કચરાને ભેગો કરી તેના યોગ્ય નિકાલની કાર્યયોજના(એકશન પ્લાન) સંબંધિત રાજ્ય સરકારના વિકાસ વિભાગના સમર્થન સાથે રજૂ કરવામાં ન આવે ત્યાં સુધી રાજ્યના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આવા એકમોનું રજીસ્ટ્રેશન કરવા કે તેને તાજુ/રિન્યૂ કરવા માટે રોક લગાવી છે. પ્લાસ્ટિક કૅરી-બેગ્સ, મલ્ટીલેયર્ડ પૅકેજિંગ એન્ડ શિટ્સ જેવી ચીજ-વસ્તુઓ તૈયાર કરવા માટે કાચો માલ આપતા વિક્રેતાઓની વિગતોનો રેકર્ડ પ્રોડ્યૂસરોએ જાળવવાનો છે. આ પ્રથા મારફતે ગેરકાનૂની અસંગઠિત ક્ષેત્રોમાં પ્લાસ્ટિકની આવી ચીજ-વસ્તુઓ બનાવતા એકમોને ડામી દેવાનો ઈરાદો છે.

પ્લાસ્ટિકની કૅરી-બેગ્સ કે શિટ્સ કે મલ્ટીલેયર્ડ પૅકેજિંગની ચીજ-વસ્તુઓ પ્રાથમિક રીતે છૂટક વેપારીઓ અને ફેરિયાઓ મારફતે જીવન જરૂરિયાત માલસામાન સાથોસાથ સર્વત્ર દાખલ થાય છે. આ નિયમો હેઠળ ધારાધોરણ મુજબની ન હોય તેવી પ્લાસ્ટિકની કૅરી-બેગ્સ કે શિટ્સ કે મલ્ટીલેયર્ડ પૅકેજિંગની ચીજ-વસ્તુઓમાં ઘરાકને માલસામાન ન આપવાની હવે આવા છૂટક વેપારીઓ અને ફેરિયાઓને જવાબદારી સોંપી છે. અન્યથા, આવા છૂટક વેપારીઓ અને ફેરિયાઓએ દંડ ભરવો પડશે.

આ કાયદાની એક વિશેષતા મુજબ, સ્થાનિક સંસ્થા ખાતે નિયત ફી ભરીને અગાઉથી રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેવા જ દુકાનદારો કે ફેરિયાઓ ધારાધોરણ મુજબની પ્લાસ્ટિકની કૅરી-બેગ્સ રાખી શકશે. આ કાયદા હેઠળ રજીસ્ટ્રેશન પેટે સ્થાનિક સંસ્થાને મળેલ ફીનો ઉપયોગ કચરાના વ્યપસ્થાપન માટે જ કરવાનો રહેશે.

ફાયદાઓઃ પ્લાસ્ટિક કચરાને ભેગો કરવા અથવા આ કચરાના યોગ્ય નિકાલની ફેસિલિટી ચલાવવા, વગેરે પ્લાસ્ટિક વૅસ્ટ મેનેજમેન્ટની કામગીરી માટે સ્થાનિક સંસ્થાના બાય-લૉઝ મુજબ નક્કી કરવામાં આવેલ યુઝર ફી કે ચાર્જ પ્લાસ્ટિક કચરો નીપજાવનાર બધી જ વ્યક્તિઓએ ચૂકવવો પડશે.

પ્લાસ્ટિક કૅરી-બૅગ્સમાં કોઈપણ માલસામાન આપવા ઈચ્છતા દુકાનદારો અને ફેરિયાઓએ સ્થાનિક સંસ્થામાં રજીસ્ટ્રેશન/નોંધણી કરાવવી ફરજિયાત છે. રાજ્યના ઉચિત કાયદા હેઠળ સ્થાનિક સંસ્થામાં રજીસ્ટ્રેશન કરવા માટે પ્લાસ્ટિક વૅસ્ટ મેનેજમેન્ટ ફીનું ધોરણ જાહેરનામા કે હુકમ, આ કાયદાના અમલની તારીખથી ૬ માસમાં જ પ્રસિદ્ધ કરવાનું છે. દર મહિને રૂપિયા ૪(ચાર) હજાર લેખે, ઓછામાં આછા રૂપિયા ૪૮,૦૦૦ (અડતાલીસ હજાર) ફીનો ચાર્જ નક્કી કરવાનો છે. તેમાં વળી વેપારીની વેચાણ ક્ષમતાને ધ્યાને લઈને સંબંધિત સ્થાનિક સંસ્થા આ કાયદા હેઠળ દર્શાવેલ ચાર્જ કરતાં જાહેરનામા મારફતે વધુ ફી લેવાનું નક્કી કરાવડાવી શકે છે. સ્થાનિક સંસ્થામાં રજીસ્ટ્રેશન કરાવેલ દુકાનદારોએ 'પ્લાસ્ટિક કૅરી-બૅગ્સ માત્ર વેચાણથી જ આપવામાં આવે છે' તેવા લખાણનું બોર્ડ તૂર્ત ધ્યાન પર આવે તેવીરીતે દુકાનમાં દર્શાવવાનું રહેશે. આમ, ગ્રામ પંચાયતને એક વેપારી પાસેથી વર્ષે ૪૮,૦૦૦/- મળી શકે, ત્યારે બાકીના પાસેથી એકંદરે લાખોની આવક ફી મળી શકે છે. સ્થાનિક સંસ્થામાં રજીસ્ટર્ડ થયા હોય, માત્ર તેવા જ દુકાનદારો અથવા ફેરિયાઓ માલસામાન પ્લાસ્ટિક કૅરી-બૅગ્સમાં આપવા પાત્ર બની શકે છે.

ગ્રાહકોને કૅરી-બૅગ્સ આપવા પેટે દુકાનદારો અને ફેરિયાઓ તરફથી સ્થાનિક સંસ્થાઓને મળેલ રજીસ્ટ્રેશન ફીની રકમનો ઉપયોગ સ્થાનિક સંસ્થાના કાર્યક્ષેત્ર હેઠળ વૅસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમને નિરંતર ટકાવવાની કામગીરી માટે જ કરવાનો રહે છે.

**- નરેશ ઠાકર**
nareshkthakar @ gmail.com



# વોશિંગ્ટન એપ્પલ વેગન ટૂરે ગાંધીનગરના નાગરિકો સુધી તંદુરસ્તી અને તાજગીના લાભ પહોંચાડ્યાં




ગાંધીનગર, તા. ૭

વોશિંગ્ટન એપ્પલ કમીશન ૪ એપ્રિલ, ૨૦૧૬ના વોશિંગ્ટન રાજ્યના તાજા સફરજન લઈને ગાંધીનગર પહોંચ્યું હતું. ભારતના ૭૦ શહેરો સુધી પહોંચવાના અભિયાન સાથે 'વોશિંગ્ટન એપ્પલ વેગન ટૂર' મારફતે વોશિંગ્ટન એપ્પલ કમીશને શહેરના નાગરિકો માટે સંખ્યાબંધ મનોરંજક અને આકર્ષક પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું.

આ રોડ-શો બે મહિના સુધી ચાલશે અને તેનું લક્ષ્ય સફરજન પ્રેમીઓને ભારતમાં ઉપલબ્ધ વોશિંગ્ટન એપ્પલની વિવિધ સ્પાદિષ્ટ જાતો અંગે જાણકારી આપવાનો છે. ગાંધીનગરમાં આ બે દિવસ દરમિયાન વોશિંગ્ટન એપ્પલ વેગન ટૂરમાં વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લીધો હતો. આ ઉપરાંત ભાગ્યશાળી વિજેતાઓને પુરસ્કાર જીતવાની તક સાથે તંદુરસ્તી માટે લાભદાયી એવાં વોશિંગ્ટન એપ્પલ અંગે જાણકારી પ્રાપ્ત થઈ હતી. આ દરમિયાન શહેરના સફરજન પ્રેમીઓનો ઘણી મનોરંજક અને આકર્ષક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો મોકો મળ્યો હતો. આ વર્ષે વેગન ઉપર તૈયાર કરાયેલા અનોખા ફોટો બુથે ગ્રાહકોનો ઉત્સાહ વધાર્યો હતો.